અપીલ અરજી નં.૨૦૧ તા.૨૧–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અરૂણાબેન પ્રવિણભાઈ કવડે
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણાબેન પ્રવિણભાઈ કવડેની તા.૯–૮–૧૦ ની અરજીથી (૧) કવડે પ્રવિણભાઈ બાબુરાની નોકરી અને લાભો મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૧/૨૦૧૦–૧૧

શ્રી અરૂણાબેન પ્રવિણભાઈ કવડેની તા.૯–૮–૧૦ ની અરજીથી (૧) કવડે પ્રવિણભાઈ બાબુરાની નોકરી અને લાભો મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦૧ તા.૬–૯–૧૦થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૪ તા.૨૯–૯–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી બાબતે સંતોષ નથી તેવી રજુઆત અંગે કયા મુદ્દા, કઈ માહિતી અંગે છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૨૩૧૮ તા.૪–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, મ્યુ. પ્રેસ તરફથી ડે.કમિ. (૫અનેઈ) મહેકમને તબદીલ કર્યા અંગેના પત્ર નં.મ્યુ. પ્રેસ/આ.નં.૧૪૨ તા.૧૩–૮–૧૦ ના પત્રની નકલ, ડે.કમિ. (૫અનેઈ) તરફથી ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને પાઠવેલ પત્ર નં.જીએસડી/ઈએસટી/પી/૧૩૦ તા.૪–૫–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ, પ્રવિણકુમાર નું તા.૮–૧૦–૭૯ ના મરણના દાખલાની નકલ, મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબની કોર્ટ, સુરત ખાતે મો.એ. કલે. અરજીની નકલ તથા નં.૧૧૬/૮૦ બાબતે શ્રી અરૂણાબેન પ્રવિણકુમારે તા.૫–૬–૮૧ ના રોજ અરજદારે આપેલી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦૧ તા.૬–૯–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. મળેલ છે. જયારે અરજદાર તરફથી પત્રના સંદર્ભે તા.૨–૧૦–૧૦ નો પત્ર અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૯–૮–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી સેકશન ઓફિસર મ્યુ. પ્રિન્ટીંગ પ્રેસ સુરત મહાનગરપાલિકાને આરટીઆઈ હેઠળ જયુડીશીયલ સ્ટેમ્પમાં તા.૯–૮–૧૦ ના રોજ મુદ્દા નં.૧ થી ૩ ની કવડે પ્ર વિણકુમાર બાબુરાવની નોકરી સબંધી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે મ્યુ. પ્રેસ તરફથી આ.નં.૧૪૨ તા.૧ ૩–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે. કમિ.(૫અનેઈ) મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ કવડે પ્રવિણભાઈ બાબુરાવ મ્યુ. પ્રેસ સુરતમાં કંપોઝીટર તરીકે ફરજ ઉપર હાજર હતા ઉપરી અમલદારે બહાર મોકલતા અકસ્માતે એસ ટી. બસની ટકકરે ફરજના સ્થળ નજીક મુત્યુ થયેલ છે જે તે સમયે પોલીસ કેસ પંચકેસની વિગત તથા કાયમી નોકરીની દાખલ તા.૩૦–૫–૭૭ અગાઉની રોજીંદારી નોકરીની માહિતી કેમ નથી આપી તેની પૂર્તતા કરવી. મુદ્દા નં.૨. તેમજ નોકરી અંગેની તેમજ રોજીંદારી નોકરીની માહિતી કેમ આપી નથી અને ઈડીપી નં.સેવાપોથીની માહિતી છેલ્લા કઈ તારીખે ફરજ પર હાજર હતા તથા પગાર પાયરી. મુદ્દા નં.૩ તથા કાયમી ઓર્ડરની કોપી તેમજ રોજીંદારીમાં જોઈન્ટ ડયુટીની દાખલ તારીખની ઉપરની બધીજ માહિતી સર્ટીફાઈડ કોપીમાં આપવી. તેમજ જે તે સમયે પેન્શન વારસદારોને નોકરી કેમ નથી આપી તેની પૂર્તતા કરવી. તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦૧ તા.૬–૯–૧૦ થી મધ્યસ્થ મહેકમના રેકર્ડ ઉપર ચકાસણી કરતાં શ્રી પ્રવિણકુમાર બાબુરાવ કવડે તા.૩૦–૫–૭૭ ના રોજ નોકરીમાં જોડાયા હતાં તા.૩૦–૫–૭૮ ના રોજ નોકરીમાં કાયમ થયા હતા અને તા.૮–૧૦–૭૯ ના રોજ અવસાન પામ્યાની નોંધ થયેલ છે. તે સિવાયની અન્ય માહિતી અત્રેના રેકર્ડ ઉપરથી મળી આવેલ નથી. જે જાણશો. જેના સંદર્ભે અરજદારે જાહેર માહિતી અધિકારીના જવાબથી સંતોષ થયો નથી તેવું જણાવી તા.૨૧ –૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે અરજદારને અપીલ તબકકે પાઠવેલ આરટીઆઈ સેલ/ ૭૫૪ તા.૨૯–૯–૧૦ થી પાઠવેલ પત્રના અનુસંધાને પૂરક વિગતોના પત્રથી (૧) પ્રવિણભાઈ કવડેનો ઈડીપી નંબર (૨) કાયમી કર્મચારી તરીકે ઓર્ડરની કોપી. (૩) રોજીંદારીની હાજરી કઈ તારીખે નોકરી પર રાખ્યા. (૪) ચાલુ ફરજ દરમ્યાન અકસ્માતે મુત્યૃ ત્યાર બાદ જીવન નિર્વાહ માટે જરૂરીયાત ફેમીલી પેન્શન (સ્પે. કેસ તરીકે ગુજરાત સરકારના નિયમ પ્રમાણે ) તેમજ વારસદારને નોકરી કેમ નથી આપી તેવા મુદ્દા રજૂ કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૧ ઈડીપી નંબર તથા અપીલના મુદ્દા નં.૪ બાબતેની અરજદારની માંગણી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સેકશન અધિકારી ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ , ગાંધીનગરને જીએડી/ઈએસટી/પી/૧૩૦

તા.૪–૫–૦૯ થી આપેલ માહિતીની નકલ અરજદારને પાઠવેલ છે જે અરજદારે સ્વયં અરજી સાથે રજૂ કરેલ છે તેમાં મજકુર કર્મચારી તા.૩૦–૫–૭૭ ના રોજ સુરત મહાનગરપાલિકાની ફરજમાં કંમ્પોઝીટર તરીકે જોડાયેલા અને તા.૮–૧૦–૭૯ ના રોજ અવસાન પામ્યા હતાં. ગુ. સ.શ્રી ના વિ.ઠ. ક્રમાંક એફપીએસ/૧૦૭૧–જ તા.૧–૧–૭૨ અન્વયે કુટુંબ પેન્શન યોજના ૧૯૭૨ ના પેરા (૨) ની જોગવાઈમાં " સરકારી કર્મચારીએ અવસાનની તારીખે ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી પૂરી કરી હોય તો પેન્શન મળવા પાત્ર થશે." આ ઠરાવેલ છે. તેવું જણાવતા પત્રની નકલ રજૂ કરેલ છે સાથે જણાવેલ છે કે મર્હુમ શ્રી પ્રવિણકુમાર કવડેની અવસાન તા.૮–૧૦–૭૯ ની વેળાએ કુલ નોકરી ૨ વર્ષ –૪ માસ–૫ દિવસની હોવાથી કુંટુંબ પેન્શન આપી શકાય તેમ નથી. વધુમાં તે વેળાએ અમલમાં હતાં તે ઘીબી.સી.એસ.આર. ની કલમ–૨૫૧(૭) અને ૨૭૪ મુજબ પણ રહેમીયત પેન્શન આપી શકાય તેમ નથી આ અંગે અરજદારને જીએડી/ઈએસટી/પી/૧૭૧૧ તા.૨–૧–૦૯ થી પ્રત્યુત્તર કરવામાં આવેલ છે તેવું પણ જણાવેલ છે. આમ અરજદારને આ અંગેની માહિતી પૂરી પડાયેલ છે. અપીલના મુદ્દા નં.૨ અરજદારની કાયમી કર્મચારી તરીકે ઓર્ડરની કોપી માંગેલ છે પરંતુ તેની નકલ અપાયેલ જણાતીનથી. આપેલ માહિતીમાં તા.૩૦–૫–૭૮ ના રોજ નોકરીમાં કાયમ થયા તેવું જણાવેલ છે તથા અપીલના મુદ્દા નં.૩ રોજીંદારીની હાજરી કઈ તારીખે નોકરી પર રાખ્યા તેની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી. અરજદારે માંગેલ માહિતી જેવી કે હુકમની નકલ રોજીંદારીની નોકરીની વિગતો ઘણા જુના સમયની જણાય છે. એ પણ સૂચક છે કે નિમણુંક હુકમની નકલ કર્મચારીને પણ જે તે સમયે અપાતી હોય તેથી તે કર્મચારી પાસે પણ હોવાનું અનુમાનિત છે. તેમ છતાં કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ દફતર પૈકીની માહિતી આપવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હુકમની નકલ કે રોજીંદારીની નોકરીની માહિતી અંગે રેકર્ડ પર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહી પૂરી પડાયેલી મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી પૈકી નોકરીના હુકમ અને રોજીંદારીની નોકરીની માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં સંપર્ક કરી બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ. (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણાબેન પ્રવિણભાઈ કવડે